# બનાસકાંઠાના ધાનેરામાં ૮૦ વર્ષ ઉપરના વરિષ્ઠ મહીલાએ પોસ્ટલ બેલેટથી કર્યું મતદાન

ધાનેરા તા. ૨૬

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી આગામી ૫ ડિસેમ્બરે યોજાનાર છે જેમાં રાજયના તમામ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તેની દરકાર ભારતનું ચૂંટણી પંચ રાખી રહ્યું છે.ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં ફરજ પરના કર્મીઓની સાથે સાથે ૮૦ વર્ષ ઉપરના વરિષ્ઠ નાગરિકો,દિવ્યાંગ મતદાતાઓ અને કોવિડ-૧૯ થી પ્રભાવિત અથવા કોવિડ શંકાસ્પદ મતદારો,જેમને મતદાન મથકના સ્થળે જવામાં મુશ્કેલી હોય પણ તેઓ તેમના મતદાનના અધિકારથી વંચિત ન રહે અને યોગ્ય રીતે તેનો ઉપયોગ કરી શકે તે હેતુથી તેમના માટે પોસ્ટલ બેલેટથી મતદાન કરવા માટેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે આજે ધાનેરાના બેલીમ વાસના બુઝુર્ગ મહિલા





ફુલબાઈબેન વલીખાન બેલીમના ઘરે આવીને ધાનેરા વિધાનસભા મતદાર વિભાગના બુથ લેવલ ઓફિસરો (BLO) દ્વારા તેમનું મતદાર પોસ્ટલ બેલેટથી મતદાન કરાવ્યું હતું.



**મિશન જીવકોરબા ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ તલોદ દ્વારા સલાડ ડે ઉજવાયો**

મિશન જીવકોરબા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ તલોદ ખાતે સલાડ દિવસ નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિદ્યાર્થી ભાઈ બહેનો એ ઉતસાહ ભેર ભાગ લીધો હતો આ કાર્યક્રમ નું સફળ આયોજન શાળા ના આચાર્ય અને શિક્ષિકા ઋત્વા પ્રજાપતિ અને પ્રાપ્તિ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું શાળા ના ટ્રસ્ટી ગણે શાળા પરિવાર ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# બાયડ વિધાનસભા બેઠકના અપક્ષ ઉમેદવાર ધવલસિંહ ઝાલાને મતદારોનું પ્રચંડ સમર્થન

## માલપુરની સભા જોઈ વિરોધીઓની બોલતી બંધ, ભવ્ય જીતનો હૂંકાર કર્યો

બાયડ,તા.૨૬

બાયડ વિધાનસભા બેઠકના અપક્ષ ઉમેદવાર ધવલસિંહ ઝાલાને ગામે ગામ અને શહેરી વિસ્તારમાં પ્રચંડ સમર્થન મળતાં ભાજપ-કોંગ્રેસ સહિત હરીફોની બોલતી બંધ થઈ ગયા જેવી સ્થિતિ છે. ગત રોજ માલપુરમાં યોજાયેલી સભામાં સ્વયંભૂ હજારોની મેદની ઉમટતાં ઉપસ્થિત જનસમુદાયે ધવલસિંહ તુંમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હે..ના નારા ગુંજ્યા હતા. અનેક લોકો અને મતદારોએ બાયડ વિધાનસભા બેઠકમાં ધવલસિંહ ઝાલાનો ભવ્ય વિજય થવાનો હૂંકાર કર્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ વિધાનસભા બેઠક ઉપર આ વખતે પરીવર્તનની આંધી ફૂંકાય તેવું હવામાન દેખાઈ રહ્યું છે. ૩ પૂર્વ ધારાસભ્ય સહિત ૧૧ ઉમેદવારોએ બાયડના ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે. ભાજપે પૂર્વ ધારાસભ્ય અને માલપુરના વતની ભીખીબેન ગીરવતસિંહ પરમારને મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસે વર્તમાન ધારાસભ્ય જશુભાઈ પટેલની ટીકીટ કાપતાં માલપુર તાલુકામાં કોંગ્રેસનો પ્રચંડ વિરોધ જોવા મળ્યો છે. જ્યારે કોંગ્રેસે પૂર્વ ધારાસભ્ય અને શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે આમઆદમી પાર્ટીએ પાટીદાર આગેવાન ચૂનીભાઈ બબાભાઈ પટેલને મેદાનમાં ઉતારતાં છેલ્લા અઢી વર્ષથી બાયડ વિધાનસભા બેઠકમાં ભાજપ ટીકીટ આપશે તેવી ગણતરીએ સતત લોકસંપર્ક રાખતા ધવલસિંહ ઝાલાને ટીકીટ ન મળતાં તેમના હજારો સમર્થકો નારાજ થઈ બાયડ અને ગાંધીનગરનું કમલમ કાર્યાલય માથે લીધું હતું. છેવટે સમર્થકોની જીદ હેઠળ ધવલસિંહ ઝાલાએ અપક્ષ તરીકે ચૂંટણી જંગમાં ઝંપલાવતાં બાયડ વિધાનસભાના જંગમાં એકાએક પ્રચંડ રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. બાયડ ઉપરાંત દેરોલી, આમોદરા, સાઠંબા, ગાબટ, વસાદરા, માલપુર, ઉભરાણ, અણિયારે, સાતરડા સહિતના વિસ્તારોમાં ધવલસિંહ ઝાલાને પ્રચંડ સમર્થન મળવા લાગ્યું છે. ગામે ગામ તેમના હજારો સમર્થકો પ્રચાર કાર્યમાં સ્વયંભૂ જોડાઈ રહ્યા છે અને કેટલાક ગામોમાં તો ધવલસિંહ ઝાલા સિવાય કોઈ ઉમેદવારને પેસવા નહીં દેવાનો સંકલ્પ લીધાનું પણ જાણવા મળ્યું છે. માલપુરમાં યોજાયેલી ધવલસિંહ ઝાલાની વિરાટ સભામાં તેઓએ હું ચૂંટાઈશ તો તમે બધા ધારાસભ્ય છો એમ માનજો અને તમારા પ્રશ્નોના ઉકેલ માટે હું જીવ આપવા માટે પણ તૈયાર છું તેવી કટીબદ્ધતા દર્શાવી ભાજપ કે કોંગ્રેસનો ઉમેદવાર મત માગવા માટે આવે ત્યારે પૂછજો કે કોરોના સમયે આપ ક્યાં હતા..?? ચૂંટણીના અભ્યાસુ લોકોએ જણાવ્યું કે ધવલસિંહ ઝાલાની સભામાં જે રીતે જનમેદની અને જુવાળ જોવા મળ્યો તે જોતાં બાયડ વિધાનસભા બેઠક ઉપર અપક્ષ ઉમેદવાર મેદાન મારી જાય તેવી પૂરેપૂરી સંભાવના છે.





**ઠાકોર સેનાના કાર્યકરો સ્વયંભૂ પ્રચારમાં લાગ્યા**

ધવલસિંહ ઝાલાએ ઘડાના ચૂંટણી ચિત્ર સાથે અપક્ષ ઉમેદવાર તરીકે ઝંપલાવ્યું તે સાથે જ બાયડ તાલુકાના ભૂખેલ, ચોઈલા, બીબીપુરા, વાત્રકગઢ, ચમારપુર, દહેગામડા, દેરોલી-આમોદરા પંથક, છભૌ પંથક સહિતના અનેક ગામોના ઠાકોર સેનાના કાર્યકરો ધવલસિંહ ઝાલાને પ્રચંડ બહુમતીથી જીતાડવા માટે સ્વયંભૂ પ્રચારમાં લાગ્યાનું જાણવા મળ્યું છે. ઠાકોર સમાજના યુવા કાર્યકર મહેન્દ્રસિંહે જણાવ્યું કે અમારે તો માત્ર ને માત્ર ધવલસિંહ ઝાલાને વિજયી બનાવી ગુજરાત વિધાનસભામાં બાયડનું પ્રતિનિધિત્વ કરવા માટે મોકલવાના છે.



શ્રી કે.કે.શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ, વાત્રકના એમીરેટસ ચેરમેનશ્રી ધીરૂભાઈ વી.પટેલનું આણંદ ખાતે ટુંકી માંદગી બાદ તા.૨૩-૧૧-૨૦૨૨ ના રોજ દુઃખદ અવસાન થયેલ હોય તા.૨૫-૧૧-૨૦૨૨ ના રોજ મંડળ તથા મંડળ સંચાલીત શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલ-વાત્રકના ટ્રસ્ટીશ્રીઓ, ડૉકટરશ્રીઓ તેમજ નર્સિંગ સ્કુલ-કોલેજના તમામ કર્મચારી ભાઈ-બહેનોએ તેઓશ્રીને શ્રધ્ધાંજલી આપવા એક શોકસભાનું આયોજન કરી બે મીનીટ મૌન પાળી હદયપૂર્વક શ્રધ્ધાંજલી આપેલ. તેઓશ્રીના સ્વર્ગવાસથી શ્રી કે.કે.શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળને ન પુરાય તેવી ખોટ પડી છે. તેઓએ બંધ પડવા આવેલી હોસ્પિટલનો પુનઃઉધ્ધાર કરી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવા અથાક પરિશ્રમ કરેલ તેમજ વાત્રક ખાતે નર્સિંગ સંસ્થાઓની સ્થાપના કરવામાં તેમનું મહત્વનું યોગદાન આપેલ. પ્રભુ તેઓના આત્માને પરમચિર શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના.

# શામળાજી પોલીસે વધુ બે વાહનમાંથી ૨.૨૦ લાખનો દારૂ ઝડપ્યો....!!!

## ઇકો કારનો ફિલ્મી ઢબે પીછો કરતા ગ્રામ્ય વિસ્તારમાં ફિલ્મી દ્રશ્ય









મોડાસા, તા. ૨૬

વિધાનસભાની ચૂંટણી ઢૂંકડી આવતા વિદેશી દારૂની હેરાફેરીમાં નોંધપાત્ર વધારો થયો છે ચૂંટણી સમયએ દારૂની માગ વધતી જતી હોય છે. આ માગને પુરી કરવા મોટી સંખ્યામાં દારૂનો જથ્થો રાજયામાં ઘુસાડવા બુટલેગરો નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે સ્ટેટ મોનેટરીંગ સેલે ટ્રકમાંથી લાખ્ખો રૂપિયાનો દારૂ ઝડપતા અરવલ્લી જીલ્લા પોલીસની ઉંઘ ઉડી ગઈ છે શામળાજી પોલીસે ૨૪ કલાકમાં પીક અપ ડાલામાંથી અને ઈકો કારમાંથી લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. શામળાજી પોલીસે હાઈવે માર્ગો સહીત અંતરિયાળ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથધર્યું છે દેવની મોરી નજીક શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી ઈકો કારને અટકાવવાનો પ્રયત્ન કરતા કાર ચાલકે ઈકો પુરઝડપે હંકારી મુકતા પોલીસે જીપમાં પીછો કરતા ગ્રામ્ય વિસ્તારમાં ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા ઈકો કારના ચાલકે પોલીસ પકડથી બચવા રોડ પર ઈકો મૂકી ફરાર થઈ જતા પોલીસે ઈકો કારમાંથી વિદેશી દારૂ બોટલ-ક્વાંટરીયા મળી નંગ-૨૩૦ કીં.રૂ.૨૬૯૪૦/- અને કાર મળી કુલ રૂ.૧.૭૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

શામળાજી પોલીસને રાજસ્થાન તરફથી બંધ બોડીના પીકઅપ ડાલામાં વિદેશી દારૂની ખેપ થતી હોવાની બાતમી પોલીસને મળતા અણસોલ નજીક વોચ ગોઠવી બાતમી આધારીત પીકઅપ ડાલું આવતા અટકાવી તલાસી લેતા ગુપ્ત ખાનું મળી આવ્યું હતું ગુપ્ત ખાનામાં પ્લાસ્ટિકની થેલીમાં રહેલા બોક્ષની અંદરથી ૧.૯૩ લાખની વિદેશી દારૂની ૭૭૨ બોટલ સાથે ૪.૯૬ લાખથી વધુના મુદ્દામાલ સાથે ડાલાના ચાલક ભગીરથ ઓમપ્રકાશ જાટ (રહે,ખાસા મહાજનાન, હિસ્સાર-હરિયાણા) ને દબોચી લઈ ડાલામાં વિદેશી દારૂ ભરી આપનાર ગુલાબ ધાનક (રહે,ગુહાના-હરિયાણા) સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# ગાંભોઈ- રણાસણ માર્ગ પર ડમ્પરોમાંથી ફેકાતી કપચીથી વાહન ચાલકો પરેશાન

ગાંભોઈ, તા.૨૬

ગાંભોઈ થી રણાસણ જતા માર્ગ પર કપચી ભરેલા ડમ્પરો છેલ્લા કેટલાક સમયથી બેફમ બનતા નાના વાહન ચાલકો માટે જોખમી બન્યા છે. માર્ગ પર પુરપાટ દોડતા ડમ્પરોમાંથી કપચી રસ્તા પર ફેકાતા દ્વિચક્રીય વાહનોને અકસ્માત નડવાની શક્યતાઓ વધી જવા પામી છે. ગાંભોઈ- રણાસણ માર્ગ પરના કપચીઓના ડામર પ્લાન્ટ માંથી ગાંભોઈ હાઈવે પર ચાલી રહેલા કામો માટે લવાતી કપચીઓના ડમ્પરોમાંથી માર્ગો પર ઠેર ઠેર કપચી ફેકાતા રાહદારીઓ અને વાહન ચાલકો ભારે હાલાકી અનુભવી રહ્યા છે. જિલ્લા મથક હિંમતનગર તેમજ અન્ય સ્થળે અવરજવર કરતા ટુ વ્હીલર અને નાના વાહનો આ માર્ગ પર વેરાયેલી કપચીઓથી અકસ્માતોના ભોગ બની રહ્યા છે. કપચીનું વહન કરતાં ડમ્પર વાહનો માચેલા સાંઢની જેમ દોડતાં હોય છે ત્યારે સ્થાનિક પોલીસ, હાઈવે ટ્રાફિક અને આરટીઓ વિભાગ દ્વારા આવા બેફામ બનેલા ડમ્પરો વાહનો સામે પગલાં ભરવા ગાંભોઈ વિસ્તારની ગ્રામ્ય જનતામાં ઉગ્ર માંગ થઈ રહી છે.



# રૂપાલ રામજી મંદિરનો પ્રથમ પાટોત્સવ ઊજવાયો...



ગાંભોઈ, તા.૨૬

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે રામજી મંદિર જીર્ણોદ્ધાર સમિતિ અને ગ્રામજનો દ્વારા રામજી મંદિરનો પ્રથમ પાટોત્સવ ગુરૂવારના રોજ યોજવામાં આવ્યો હતો. આ પર્વે મંદિરને ફૂલો અને લાઈટોથી સજાવવામાં આવ્યું હતું. રાત્રી દરમ્યાન મોંદિર પરિસર રોશનીથી ઝળહળી ઊઠયું હતું. આ પ્રસંગે ધજારોહણ, અન્નકૂટ દર્શન, મહાઆરતી સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક શ્રદ્ધાળુ લોકોએ મોટી સંખ્યામાં દર્શન અને પ્રસાદીનો લાભ લીધો હતો.

# દહેગામના સોંપાના પરિવારને અકસ્માત નડયોઃ પ્રાંતિજના તાજપુર ખેતરમાં કાર ખાબકી

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર ખાતે આવેલ એક ખેતરમા કાર ખાબકી કારમા સવાર છને નાની મોટી ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામા આવ્યા. દહેગામ ના સોંપા ગામેથી નિકળેલ પરિવાર પ્રાંતિજ ના તાજપુર ખાતે લગ્ન મા હાજરી આપવા માટે આવી રહ્યો હતો તે દરમ્યાન પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામથી ધડકણ જતા રોડ ઉપર અચાનક કાર ચાલકે સ્ટેરીંગ ઉપર થી કાબુ ગુમાવતા કાર રોડ ઉપર થી પલ્ટીખાઇ ને રોડ ની બાજુ મા આવેલ ચૌધરી ગીરીશભાઈ મોતીભાઈ ના ખેતર મા આવેલ ફલાવર ના પાક મા જઈ પડી હતી તો કારમા સવાર બે મહિલાઓ તથા ત્રણ બાળકો અને કાર ચાલક ને નાની મોટી ઈજાઓ પહોંચી હતી તો કાર ખેતર મા ખાબકતા આજુબાજુ મા રહેતા તથા ત્યાંથી પ્રસાર થતા લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તો ને સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા.



**પાલનપુરનો વિકાસ રૂંધાતા સતા પક્ષ ઉપર આકરા પ્રહારો**

# આમ આદમી પાર્ટીના ઉમેદવારની પત્રકાર પરિષદ યોજાઈ




ડીસા,તા. ૨૬

પાલનપુર વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર રમેશભાઈ નાભાણી દ્વારા પાલનપુર આબુ હાઈવે પર આવેલ લીલી વાડી હોટલ ખાતે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં આદમી પાર્ટીના ઉમેદવાર દ્વારા શહેરનો વિકાસ રૂંધાયોના પગલે સત્તા પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા અને વિવિધ સમસ્યાઓ અંગે પત્રકારોને વાકેફ કર્યા હતા અને જણાવ્યું હતું કે જો આપની સરકાર બનશે તો પાલનપુર શહેરની કાયાપલટ કરી દઈશું. પાલનપુરના હાર્દ સમાન માન સરોવર તેમજ અન્ય વિસ્તારના પ્રાણ પ્રશ્નોને સત્તામાં આવતાની સાથે જ ઉકેલી દેવાની ખાતરી આપવામાં આવી હતી તથા આગામી આઠ તારીખે ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ જો વિજેતા થશે તો પોતે જાહેર કરેલો ભ્રષ્ટાચારની સામેનો નંબર પત્રકારોને આપવામાં આવ્યો હતો. જેમાં કલેકટર કચેરી સંકુલમાં એક પેરેલલ ઓફિસ ઉભી કરી તેમાં આધાર કાર્ડ પાનકાર્ડ તેમજ અન્ય જરૂરિયાતના ડોક્યુમેન્ટોનું કામકાજ વિનામૂલ્યે કરવા માટે પોતાના તરફથી વ્યક્તિઓ મૂકવામાં આવશે. આમ આમ આદમી પાર્ટી દ્વારા અનેક વચનોની લાહણી કરવામાં આવી હતી

**ટીકીટ મળી નથી તેવા ભાજપના એક નેતાનું કારસ્તાન હોવાની ચર્ચા**

# બાયડ વિધાનસભા બેઠકમાં એક પછી એક ભાજપના આગેવાનોએ કોંગ્રેસના ખેસ પહેર્યા

## ભાજપે મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારતાં અંદરખાને અસંતોષ, અનેક કાર્યકરો નિષ્ક્રિય

બાયડ, તા.૨૬

બાયડ વિધાનસભા બેઠકમાં એક પછી એક ભાજપના આગેવાનો નિયમિત સમયે કોંગ્રેસનો ખેસ પહેરી ભાજપને આંચકો આપી રહ્યા છે. જેમાં ટીકીટ મળી નથી તેવા ભાજપના એક નેતાના ઈશારે કારસ્તાન ચાલી રહ્યાની ચર્ચા છે અને આ અંગે પ્રદેશ નેતાગીરીને રજૂઆત થયાનું જાણવા મળ્યું છે. ભાજપે મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારતાં લાંબા સમયથી ટીકીટ ઝંખતા આગેવાનોને અસંતોષ થયો છે અને તેમના જ નિકટવર્તિ અનેક કાર્યકરો નિષ્ક્રિય થયાનું સ્પષ્ટ જોવા મળ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ભાજપે સરળ વ્યક્તિત્વ ધરાવતા પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમારને બાયડ વિધાનસભાના જંગમાં મેદાનમાં ઉતારી ૧.૨૯ લાખથી વધુ મત ધરાવતા ઠાકોર મતદારોને અંકે કરવાનો પ્રયાસ કર્યો છે. ભાજપ ચૂંટણીનો જંગ જીતશે તેવા ગણિત વચ્ચે કોંગ્રેસે મહેન્દ્રસિંહ વાઘેલાને મેદાનમાં ઉતારતાં ભાજપના એક પછી એક કેટલાક આગેવાન કાર્યકરોએ કોંગ્રેસનો ખેસ ધારણ કરતાં આવા તકવાદી આગેવાનોને ભાજપ પ્રત્યે કોઈ લગાવ નથી તેવું સ્પષ્ટ થયું છે પરંતુ આવા આગેવાનોને ભાજપમાં પ્રવેશ કોને અપાવ્યો..?? તેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવે તો અનેક વિગતો સામે આવી શકે છે. બાયડ વિધાનસભા બેઠકમાં પોતાને ટીકીટ મળશે તેવી અપેક્ષાએ સંગઠનથી માંડી તાલુકા અને જિલ્લા પંચાયતમાં પોતાના ઉમેદવારોને ગોઠવી અને જીત પણ મેળવી પરંતુ રાજકારણમાં દુર્યોધન નીતિ ચાલતી નથી અને સરળ માણસને કુદરત મદદ કરતી હોય છે તે ફરી એકવાર બાયડ વિધાનસભા જંગમાં જોવા મળી રહ્યું છે. ભાજપે ભીખીબેન પરમારને મેદાનમાં ઉતાર્યા પછી ભાજપના નિષ્ક્રિય થઈ ગયેલા ૬૦ થી વધુ કાર્યકરોની યાદી જિલ્લા અને પ્રદેશ સંગઠનને પહોંચ્યાનું પણ જાણવા મળ્યું છે. કેટલાક કાર્યકરો પ્રવાસના નામે વાહનો લઈને નિકળે છે પરંતુ ઘરે જઈને આરામ ફરમાવતા હોય તેવી ફરિયાદો પણ ઉઠવા પામી છે. જ્યારે ભાજપના કાર્યાલયમાં પણ અનેક કાર્યકરો દેખાતા નથી.

**ભાજપના ઉમેદવાર બધું સમજે છે પરંતુ હાલ ચૂપ રહેવું ઉચિત**

બાયડ વિધાનસભાના ચૂંટણી જંગમાં ભાજપના જ ભેદીયા ખેલ બગાડી દે તેવી સ્થિતિ છે ત્યારે ભાજપના ઉમેદવાર ભીખીબેન પરમાર ચૂંટણી પ્રવાસ કરી રહ્યા છે ત્યારે અનેક કાર્યકરોની શંકાસ્પદ હરકતો તેમના ધ્યાન ઉપર આવી છે પરંતુ હાલ ચૂપ રહેવાનું તેઓએ ઉચિત માન્યાનું જણાઈ રહ્યું છે.

# પૂજ્ય શાસ્ત્રીજી ગૌશાળા ડીસા ખાતે શેડનું દિવ્યાતિદિવ્ય ઉદ્ઘાટન



ડીસા, તા. ૨૬

આજે માગસર સુદ બીજના રોજ પૂજનીય સંતગણની પાવન ઉપસ્થિતિમાં પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની તપોભૂમિ ડીસા ગૌશાળા ખાતે અધતન સુવિધાસભર તૈયાર થયેલ ગૌમાતાઓ માટેના શેડનું ભવ્યાતિભવ્ય-દિવ્યાતિદિવ્ય ઉદ્ઘાટન સંતો મહંતોની ઉપસ્થિતિમાં તેમના વરદ હસ્તે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. ડીસા શહેરમાં આવેલી પરમ પૂજ્ય સંત શાસ્ત્રીજી મહારાજની સીતારામ ગૌશાળા ખાતે ગૌમાતાની સહાય માટે અને ગૌ સેવાના લાભાર્થે સીતારામ ગૌશાળા ટ્રસ્ટ દ્વારા ૧૧ થી ૧૭ માર્ચ સુધી વ્યાસ પીઠ પર બિરાજમાન પરમ પૂજ્ય શ્રદ્ધા ગોપાલ દીદીના શ્રીમુખેથી ગૌ કથાનું રસપાન ગૌ ભક્તો અને જનતાએ મોટી સંખ્યામાં કર્યું હતું ત્યારે ગૌકથા દરમિયાન ગૌ ભક્તો ગૌસેવકો અને આમ જનતા દ્વારા ઉદાર હાથે દાનની સરવાણી વહાવવામાં આવી હતી. જેમાં ખૂબ જ મોટો ફાળો એકત્ર થયો હતો જેમાંથી તે સમયે ગૌશાળા ના ટ્રસ્ટીઓ દ્વારા નિર્ણય લેવાયો હતો કે ગૌમાતાઓ માટે વિશાળ શેડનું આયોજન કરવું. જે અંતર્ગત આજરોજ ડીસાની સીતારામ ગૌશાળા ખાતે પૂજ્ય રામરતનજી મહારાજ, પૂજ્ય યશવંત મહારાજ, પૂજ્ય પરષોત્તમદાસજી મહારાજ અને પૂજ્ય રામસ્વરૂપજી મહારાજ સંતો મહંતોની ઉપસ્થિતિમાં તેમના વરદ હસ્તે સૌ પ્રથમ દ્વિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત્યારબાદ સંતો મહંતોની ઉપસ્થિતિમાં ગૌ પૂજન કરી શેડનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંતો મહંતોનુ ગૌ શાળાના ટ્રસ્ટીઓ અને પત્રકાર મિત્રો દ્વારા ફુલહાર પહેરાવી પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ગૌસેવકો ગૌ ભક્તો અને પત્રકાર મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગૌ ભક્તો દ્વારા અને પત્રકાર મિત્રો દ્વારા ઉદાર હાથે દાનની સરવાણી વહાવવામાં આવી હતી ત્યારબાદ સ્વરુચિ ભોજન લેવામાં આવ્યું હતું